**Directorate of Technical Education, Gujarat State**

નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

150 YEARS OF CELEBRATING THE MAHATMA

| | |
|---|---|
| કર્મયોગી ભવન, બ્લોક નં:૨, છઠ્ઠો માળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ | Karmyogi Bhavan, Block No:2, 6th Floor, Sector-10-A, Gandhinagar-382010 |
| (079) 23253546 URL:http://dte.gswan.gov.in | FAX: (079) 23253539 GRAM:EDUTECH(N) |

E-MAIL: dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in


ક્રમાંક-સીટીઈ/હિસાબીશાખા/તપાસણી/૨૦૨૩/ચ.૩/ 6393 તા. 12 JUL 2023

પ્રતિ,

આચાર્યશ્રી,

કન્યાઓ માટેની સરકારી પોલીટેકનીક

સુરત

વિષય: વર્ષ ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ સુધીના પારાઓની પુર્તતા કરવા બાબત

સંદર્ભ: આ કચેરીના તા.૧૯/૦૧/૨૦૨૩ના ક.આ. ક્રમાક:ડીટીઇ/હસબ્/ઓડીટ/ચ-૩/૨૦૨૨/૪૬૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે અત્રેની કચેરી દ્વારા વર્ષ ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ સુધીના સમયગાળાનું ખાતાકીય ઓડિટ હાથ ધરવામાં આવેલ હતુ તેમાં કુલ-૧૪ પારાઓ આપવામાં આવેલ હતા. તે પૈકી પેરા નં- ૨,૩,૪,૫,૬,૧૦ કુલ-૦૬ પેરાઓનો અમલ કરી ગ્રાહ્ય રાખવામાં આવે છે તથા પેરા નં – ૧,૭,૮,૯,૧૧,૧૨,૧૩,૧૪ કુલ-૦૮ પેરાઓ તથા સંસ્થાના અગાઉના વર્ષોના બાકી પેરાઓની આધારો સહીત દિન-૧૫માં પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

_નોંધ પર કમિશનરશ્રીની મંજુરી મળેલ છે._


Inward No. 211 Date 24/7/23
Govt. Poly for Girls
SURAT.


સંયુક્ત નિયામક

ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

ગાંધીનગર

# હિસાબી તપાસણી અહેવાલ

તાઃ-૦૧-૦૪-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૩-૨૦૨૨

૧. સંસ્થાનું નામ : કન્યાઓ માટેની સરકારી પોલીટેક્નીક, સુરત.

૨. હિસાબ તપાસણી વર્ષ : તાઃ૦૧-૦૪-૨૦૨૧ થી તાઃ ૩૧-૦૩-૨૦૨૨

૩. હિસાબ તપાસણી તારીખ : ૦૬-૦૨-૨૦૨૩ થી ૧૦-૦૨-૨૦૨૩.

૪. ઉપાડ અધિકારીશ્રી, આચાર્ય

| ઉપાડ અધિકારીશ્રી, આચાર્યનું નામ અને હોદ્દો. | | સમય ગાળો |
|---|---|---|
| ૧ | ડો.એસ.એન.સંપટ, ઇ.ચા. આચાર્યશ્રી | ૧૨-૦૩-૨૦૨૦ થી ૧૩-૦૯-૨૦૨૨ |
| ૨ | શ્રી એસ.કે.ગણાત્રા, ઇ.ચા. આચાર્યશ્રી | ૧૪-૦૯-૨૦૨૨થી આજ દિન સુધી. |

૫. કેશીયર :-

| કર્મચારીનું નામ અને હોદ્દો. | | સમય ગાળો |
|---|---|---|
| ૧. | શ્રીમતી એમ.ડી.પટેલ, સી.ક્લાર્ક | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ |

૬. ઓડીટર :-

| કર્મચારીનું નામ અને હોદ્દો. | | સંસ્થાનું નામ |
|---|---|---|
| ૧. | શ્રી જે. ઓ સલીયા, કચેરી અધિક્ષક | વી જી ઇ સી ચાંદખેડ, અમદાવાદ. |
| ૨. | શ્રી એન.ટી.તપોધન, સીનીયર ક્લાર્ક | સરકારી પોલીટેકનીક કોલેજ, પાટણ. |
| ૩. | શ્રી સી એસ પોરધીયા, જુ ક્લાર્ક | સરકારી ટેકનીકલ હાઇસ્કુલ, પાટણ. |
| ૪. | શ્રીમતી એમ.એમ.પટેલ, સ્ટોરકિપર | ડો.એસ.એન્ડ એસ.એસ.ગાંધી પોલીટેકનીક કોલેજ,સુરત. |

## અગાઉ હિસાબ તપાસણી અહેવાલનાં બાકી પેરાઓની વિગત.

| ક્રમ | હિસાબ તપાસણી વર્ષ | બાકી (પેન્ડીંગ પેરા) પારાની વિગત | ઓડીટ ટીમની ભલમણ થી પડતા રાખવામા આવેલ ઓડીટ પેરા | ઓડીટ પછી બાકી રહેતા પેરા |
|---|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૪થી ૧૫-૨૧-૨૦૨૦વર્ષ | પેરા નં ૪ અને ૧૦ કુલ-૦૨ | ૦૦ | પેરા નં ૪ અને ૧૦ કુલ-૦૨ |

# વિભાગ-૨

## ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી ગાંધીનગર

## ચાલુ હીસાબ તપાસણી અહેવાલ

**સમય ગાળો :- વર્ષ ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨**

**પેરા :- ૦૧ સંસ્થાનાં સેન્ટ્રલ સ્ટોર વિભાગમાં નિભાવવામાં આવતા GPR રજીસ્ટરમાં ચકાસણી કરતાં નીચે મુજબ ની ક્ષતીઓ માલૂમ પડેલ છે.:-**

૧.એક એન્ટ્રી કર્યા પછી કોરી લીટી (જગ્યા) છોડી બીજી એન્ટ્રી કરવામાં આવેલ છે. જેમાં જગ્યા છોડ્યા સિવાય સળંગ એન્ટ્રી કરવી.

૨.રજીસ્ટરના છેલ્લા પાનાં ઉપર આપેલ નથી.

3.GPR રજીસ્ટરના પાનાં ઉપર અનુ. ક્રમ ૭૭,૮૩ ની એન્ટ્રીમાં ટ્રાન્સફર આપેલ છે જેમાં ટ્રાન્સફરની નોંધ કરેલ નથી.

૪. GPR રજીસ્ટરના પાનાં ૨૮માં આઈટમ નંબર ૮૦ ની આર્કી. ડીપા. ના ડેડસ્ટોક રજીસ્ટરના પાનાં નંબર ૨૩ આઈટમ નંબર 30 ની એન્ટ્રી મેચ થતી નથી. તેમજસદર રજીસ્ટરમાં આઈટમ નું નામ પણ દર્શાવેલ નથી.

૫.સેન્ટ્રલ સ્ટોરના ડેડસ્ટોક રજીસ્ટરમાં સક્ષમ અધિકારી ની સહી થયેલ નથી.

૬. સ્ટુડન્ટ બેનચીસ ની સેન્ટ્રલ સ્ટોરના ડેડસ્ટોક રજીસ્ટરમાં એન્ટ્રી કરેલ છે પરતુંડીપાર્ટમેન્ટમાં ટ્રાન્સફર કર્યાની એન્ટ્રી કરેલ નથી.

૭. સેન્ટ્રલ સ્ટોરના કન્ઝુમેબલ રજીસ્ટરમાં અમુક જગ્યાએ જવાબદાર અધિકારીની સહીમાં ચાર- પાંચ એન્ટ્રીમાં જુદી જુદી તારીખની હોવા છતાં એક જ સહી કરેલ છે. જેમાં ડે અને તારીખ મુજબ સહી કરવી.

૮.CWAN & CCTV ની AMC બીડની પ્રક્રિયામાં ૨૫,૦૦૦ થી ૫,૦૦,૦૦ ની સર્વીસમાં DLPC કમીટીની મંજૂરી લેવાની થાય છે. તેમ છતાં DLPC કમીટીની મંજૂરી વગર સીધે-સીધા ઓર્ડર આપવામાં આવેલ છે.

સદર પેરાની આધારો સાથે પૂર્તતા કરવા જણાવવામાં આવે છે.

**પેરા:- ૦૨ આર્કી. ડીપા.માં નિભાવવામાં આવતા સ્ટોરને લગતાં રજીસ્ટરમાં ચકાસણી કરતાં નીચે મુજબ ની ક્ષતીઓ માલૂમ પડેલ છે:-**

૧. ડીપા. ના ડેડસ્ટોક / એક્સપાનડેબલ રજીસ્ટરમાં સક્ષમ અધિકારીની સહી કરેલ નથી.

૨. ડીપા.તમામ્ રજીસ્ટરમાં પેઇજ મુજબ સંસ્થાનો રાઉન્ડશીલ લગાવેલ નથી.

3.ડેડ-સ્ટોક રજીસ્ટરમાં Write off થયેલ આઈટમની નોંધ કરેલ નથી..

સદર પેરા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

<u>પેરા:- ૦૩ ઈલેક્ટ્રીકલ વિભાગમાં નિભાવવામાં આવતા સ્ટોરને લગતાં રજીસ્ટરમાં ચકાસણી કરતાં નીચે મુજબ ની ક્ષતીઓ માલૂમ પડેલ છે..:-</u>

૧.વિભાગના તમામ રજીસ્ટરમાં છેલ્લા પેજ પર આપવામાં આવતા પ્રમાણપત્રમાં કચેરીના વડાની સહી થયેલ નથી.

૨. વિભાગના તમામ રજીસ્ટરમાં સ્ટોકવેરીફિકેશન સર્ટીફિકેટમાં વિભાગના વડાની સહી થયેલ નથી.

સદર પેરા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

<u>પેરા:- ૦૪ ઈ.સી વિભાગમાં નિભાવવામાં આવતા સ્ટોરને લગતાં રજીસ્ટરમાં ચકાસણી કરતાં નીચે મુજબ ની ક્ષતીઓ માલૂમ પડેલ છે.:-</u>

૧.વિભાગના તમામ રજીસ્ટરમાં છેલ્લા પેજ પર આપવામાં આવતા પ્રમાણપત્રમાં કચેરીના વડાની સહી થયેલ નથી.

સદર પેરા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

<u>પેરા:- ૦૫. આઈ.ટી. વિભાગમાં નિભાવવામાં આવતા સ્ટોરને લગતાં રજીસ્ટરમાં ચકાસણી કરતાં નીચે મુજબ ની ક્ષતીઓ માલૂમ પડેલ છે:-</u>

૧. ડીપા. ના ફર્નિચર ડેડસ્ટોક રજીસ્ટરમાં સક્ષમ અધિકારીની સહી કરેલ નથી.

૨. ડેડ-સ્ટોક રજીસ્ટરમાં Write off થયેલ આઈટમની નોંધ કરેલ નથી.

સદર પેરા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

<u>પેરા:- ૦૬. જનરલ વિભાગમાં નિભાવવામાં આવતા સ્ટોરને લગતાં રજીસ્ટરમાં ચકાસણી કરતાં નીચે મુજબ ની ક્ષતીઓ માલૂમ પડેલ છે::-</u>

૧.વિભાગના તમામ રજીસ્ટરમાં છેલ્લા પેજ પર આપવામાં આવતા પ્રમાણપત્રમાં કચેરીના વડાની સહી થયેલ નથી.

૨.એક્સાંડેબલ આઈટમને કન્જુમેબલ રજીસ્ટરમાં નોંધેલ છે.જે એક્સાંડેબલ રજીસ્ટરમાં નોંધ કરી ઓડિટને જાણ કરવી.

સદર પેરા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

<u>પેરા:- ૦૭. ચલણ બાબતે:-</u>

સંસ્થામાં **A,B,C**વર્ગની પસ્તીનાં નીકાલ કલેકટરશ્રીના પરિપત્રથી દરવર્ષે આપવામાં આવતા કોન્ટ્રાકટ અન્વયે પસ્તીનો નીકાલ કરવાનો થાય છે સંસ્થા કક્ષાએથી ટેન્ડરીગ પ્રક્રિયા દ્વારા **A,B,C**વર્ગની પસ્તી લઘુતમ ભાવ મેળવી નીકાલ કરેલ છે જેમાથી ઉપજેલ આવકરૂ.૪૪૭૯૦/- સંસ્થાના પાવતી નં.૨૩૩૭૮૭૮ તા.૨૨/૦૨/૨૨ થી જમા લઈ ચલણ ન.૫૨ તા.૨૨/૦૨/૨૨ થી સરકારશ્રીનાં ટેકનીકલ શિક્ષણનાં આવકના સદર ૦૨૦૨ માં જમા કરાવાના થાય છે જે ૦૦૭૫-"મીસેલીયન્સ જનરલ સર્વીસ"ના

સદરે જમા કરાવેલ છે તો સદર નાણાં ૦૨૦૨ ટેકનીકલ શિક્ષણના આવકના સદરે ટ્રાન્સફર (તબદીલ) કરાવી કરેક્શન મેમો સાથે ઓડીટ પાર્ટીને જાણ કરવી

**સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.**

**પેરા:- ૦૮ હિશાબી શાખા : બીલ રજીસ્ટર:-**

**સંસ્થાનાં બીલ રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.**

૧) બીલ રજીસ્ટરમાં પાનાં ન.આપી રાઉન્ડશીલ લગાવી છેલ્લા પાને આપવાનાં થતાં પ્રમાણપત્ર આપી સક્ષમ અધિકારીની સહીઓ મેળવેલ જણાતી નથી.

૨) બીલ રજીસ્ટરમાં માસના અંતેમાસ દરમ્યાન ઉગવેલ અને ઉગવવાના બાકી રહેલ બીલો અન્વયેની તારીજ કાઢેલ નથી.

૩) બીલ રજીસ્ટરમાં કોલમ નંબર – ૮,૯,૧૦ માં કોઈ વિગત દર્શાવેલ નથી કોલમ ૮ માં તિજોરી વાઉચર નબર અને તારીખ દર્શાવેલ છે તે રીમાર્કસના કૉલમ નંબર ૧૧ માં દર્શાવવાના રહે છે

**સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.**

**પેરા:- ૦૯ હિશાબી શાખા : કન્ટીજન્સી બીલ :-**

**સંસ્થાનાં કન્ટીજન્સી બીલની ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.**

૧) કન્ટીજન્સી બીલ નબર ૨૨ તારીખ ૦૯/૦૫/૨૦૨૧ તિજોરી વાઉચર નબર -૬૨ તારીખ ૧૮/૦૫/૨૧ થી ઉગવેલ બિલના નાણાં રૂ ૧૪૦૦૦+૩૫૦૦+૫૫૦= કુલ રકમ રૂ.૧૮૦૫૦/- ની રકમ મે. વૈભવ ઇલેકટ્રીકલ સેલ્સ સર્વિસીસના પેટા બીલ વાઉચર નબર ૪૧ તા.૨૮/૪/૨૦૨૧ સામે ચૂકવણું થયેલ છે જે બીલમાં દર્શાવેલ પેટા વાઉચરોની રકમ રૂ.૫૦૦/- થી ઉપરની હોઈ ટેન્ડરીગ પ્રકીયાથી /Gem પોર્ટલ ઉપરથી સેવા લેવાની થાય છે. જે કોઈ પ્રકીયા થયેલ જણાતી નથી તો સદર બાબતે ખરીદીના નિયમો મુજબ સ્પષ્ટતા કરી ઓડીટને જાણ કરવી

૨) કટીજન્સી બીલ નબર-૧૨૨,૧૩૦,૧૪૫,૧૫૮,૧૬૦,૧૬૪,૧૬૫,૧૭૧,૧૭૮,૧૯૩,૯૪,૨૨૩,૨૨૭,૨૨૮, ૨૩૯,૨૪૧,૨૪૨,૨૫૦,૨૫૬,૨૬૦,૨૬૮,૨૭૭, નાં પેટા વાઉચારોમાં PAID AND CANCLE કરેલ નથી તો સદર વાઉચારોમાં PAID AND CANCLEકરી તારીખ સાથે ઉપાડ અધિકારીની સહીઓ મેળવી ઓડીટને જાણ કરવી.

**સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.**

**પેરા:- ૧૦ હિશાબી શાખા : સરકારી કેશબુક:-**

સંસ્થાનાં સરકારી કેશબુકની ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ માલુમ પડેલ છે.

૧) સરકારી કેશબુકની ચકાસણી કરતાં પેજ નબર ૩૪ માં ઉધાર (ખર્ચ) બાજુએ કુલ ખર્ચના સરવાળામાં ભૂલ જણાય છે.

૨) સરકારી કેશબુકમાં આકસ્મીકભૌતીક ચકાસણીનું પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી

૩) સરકારી કેશબુકમાં વિગતના કોલમમાં બીલનો પ્રકાર દર્શાવેલ છે પરંતુ તેનો પેટા પ્રકાર જેવા કે લાઇટ, ટેલીફોન, સીક્યુરીટી, સેવક, કચેરી ખર્ચ જેવી વિગત દર્શાવેલ નથી તેમજ જે ખાનામાં આકડાકીય કે શાબ્દીક વિગત આવતી ન હોય તેવા ખાનામાં – અથવા NILદર્શાવેલ નથી ખાના ખાલી રાખેલ છે.

૪) સરકારી કેશબુકના દરેક પેજઉપર મથાળેTransectionઅને No Transectionનો સિક્કો લગાવેલ છે જે કેશીયર અને ઉપાડ અધિકારીની સહીથી પ્રમાણિત કરેલ નથી
ઉપરોક્ત ક્ષતિઓપૂર્ણ કરી ઓડીટને જાણ કરવી.
સદર પેરા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

પેરા:- ૧૧ હિશાબી શાખા (**CMD**નાં ચલણ) બાબત :-

સંસ્થા ખાતે વિધાર્થીઓનાં ડિપોઝીટ પેટે લીધેલ ફી નાં UnPaidરકમ **CMD**નાં રૂ.૯૬૮૫૦/-લેપ્સ કરી-ચલણ ન.૬૧ તા.૧૬ /૦૩ /૨૨ થી સરકારશ્રીનાં ટેકનીકલ શિક્ષણનાં આવકના સદર "૦૨૦૨"માં જમા કરાવવાના થાય છે જે "૦૦૭૫-મીસેલીયન્સ જનરલ સર્વીસ" માં જમા કરાવેલ છે તો સદર નાણાં ૦૨૦૨ ટેકનીકલ શિક્ષણના આવકના સદરે ટ્રાન્સફર (તબદીલ) કરી કરેક્શન મેમો સાથે ઓડીટ પાર્ટીને જાણ કરવી.
સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

પેરા:- ૧૨ વિઝીટીગ કાર્યભાર બાબતે:-

સંસ્થા ખાતે વિઝીટીગ વ્યાખ્યાતાઓની સેવાઓ મેળવેલ છે જેમાં નીચે દર્શાવેલ વિગત મુજબ વિઝીટીગ વ્યાખ્યાતાઓને જાહેર રજાના દિવસો એ કાર્યભાર દર્શાવી નાણાં ઉગવી ચુકવણી કરેલ છે તો સદર અનિયમિત ચુકવણીનાં નાણાં રીકવરી કરી "૦૨૦૨ નાં આવકના સદરે" જમા કરાવી ઓડીટપાર્ટીને જાણ કરવી.

| ક્રમ | વિઝીટીંગ ફેકલ્ટીનું નામ | બ્રાંચ | તારીખ | જાહેર રજાનો પ્રકાર | ચુકવેલ રકમરૂ |
|---|---|---|---|---|---|
| ૧ | હેલી વી. દેસાઇ | આર્કી. | ૨૪૨૦૨૧/૦૭/ | ચોથો શનિવાર | ૧૦૦ |
| ૨ | ખુશી વી. હાંસોટી | આર્કી. | ૩૦૨૦૨૧/૦૮/ | જન્માષ્ટમી | ૨૦૦ |
| ૩ | અંકિતા એમ. પટેલ | આર્કી. | ૧૧૨૦૨૧/૦૯/ | બીજો શનિવાર | ૨૦૦ |

સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

પેરા:- ૧૩ મહેકમ શાખા : મસ્ટર અગે:-

૧) સંસ્થામાં નિભાવવામાં આવતા મસ્ટરોના ખાનામાં નીચે મુજબના કર્મચારીની રજા કે અન્ય કોઈ નોંધ થયેલ નથી તો ખાનામાં સહી ન થવા અંગેની ફરજ પરની ગેરહાજરીની સ્પષ્ટતા કરી ઓડીટને જાણ કરવી

| ક્રમ | નામ | તારીખ |
|---|---|---|
| ૧ | શ્રી એમલાડ.કે. | ૨૭૨૧/૧૨/૩૦થી ૨૧/૧૨/ |
| ૨ | શ્રી કેપટેલ.બી. | ૨૦૨૧/૧૨/૩૧થી ૨૧/૧૨/ |

૨) કુ.એચ.કે.પટેલને માહે સપ્ટેમ્બર-૨૦૨૧માં મેટરનીટી લીવ સાથે CL મંજૂર કરેલ છે. જે રજાના નિયમ સાથે સુસંગત નથી.

૩) શ્રી એમ.વી.કાનાણીને તા.૨૦/૦૯/૨૦૨૧ થી ૨૧/૦૯/૨૦૨૧ની HPL રજા સાથે RH રજા મંજુર કરેલ છે. જે રજાના નિયમ સાથે સુસંગત નથી.

૪) કુ ઝેડ.વી.પટેલને તા.૦૩/૧૧/૨૦૨૧ની RH રજા મંજુર કરેલ છે. જે ફીક્ષ પગારના વર્ગ-૨ના અધિકારી હોઇ રજાના નિયમો મુજબ RH મળવાપાત્ર નથી.

સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

પેરા:- ૧૪ હિશાબી શાખા : PLA બ્રેક અપ અંગે:-

માહે-૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ના સંસ્થા ખાતે નિભાવવામાં આવતા PLA રજીસ્ટરની ચકાસણી કરતા બંધ સિલકમાં તફાવત આવે છે.

સદર તફાવત બાબતે સંસ્થાના PLAના Closing balance અને જિલ્લા તિજોરીના હિસાબના સ્ટેટમેંટ સાથે મેળવણું કરતા નીચે મુજબ તફાવત આવે છે.

| | |
|---|---|
| ૧) સંસ્થાના PLAના Closing balanceમુજબbalance | - Rs.6515427/- |
| ૨) જિલ્લા તિજોરીના હિસાબ સ્ટેટમેંટ મુજબ balance | - Rs.6513150/- |
| ૩) (-)તફાવતની રકમ : | - Rs.2277/- |

એટલે કે જિલ્લા તિજોરીમાં જમા કરાવેલ રકમ જિલ્લા તિજોરીએ જમા લીધેલ નથી.તો જો સંસ્થા એ સદર રકમ જમા કરાવેલ હોય તો તેના ચલણની નકલ આધાર તરીકે ઓડિટપાર્ટીને રજુ કરવી. અન્યથા સદર રકમ જિલ્લા તિજોરીમાંજમા થયાના આધાર(સ્ટેટમેંટ)માં મેળવીને ઓડિટપાર્ટી જાણ કરવી.

સદર પેરાની આધારો સાથે પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત પારા નં.૧ થી ૧૪ પૈકી પેરા નં-૨,૩,૪,૫,૬ અને ૧૦ કુલ-૦૬ પેરાઓ ગ્રાહ્ય રાખવામાં આવે છે. તથા પેરા નં-૧,૭,૮,૯,૧૧,૧૨,૧૩ અને ૧૪ કુલ-૦૮ પેરાઓ તેમજ સંસ્થાના અગાઉના વર્ષોના બાકી તમામ પેરાઓનો સંસ્થાને આધારો સહીત પુર્તતા કરવા જણાવવામાં આવે છે.

Sankupal

સંયુકત નિયામકશ્રી

ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી

ગાંધીનગર.